GJSK020077372023

| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તી તારીખ | ૦૭/૦૮/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | ૦૭/૦૮/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૧૧ | ૦૩ |

ફોજદારી કેસ નં.૫૭૫૯/૨૦૨૩
આંક :– ૩૬

# મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી એ.બી.મામતોરાની કોર્ટમાં, હિંમતનગર

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ....રુ....દ્ધ | |
| આરોપી | અશરફ મોહમદખાન મેવ, ઉ.વ.૩૨,<br>રહે. ગીલુન્ડ રેગર મહોલ્લો, તા.રેલમગરા, જી.રાજસન્દ, રાજસ્થાન |

| |
|---|
| ગુન્હો:– ઈ.પી.કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ |
| **રજુઆત** |

**ફરિયાદી તર્ફે વિદ્વાન એપીપી શ્રી સી.એમ.કાછીઆ**
**આરોપી તર્ફે વિદ્વાન વકીલ શ્રી કે.ડી.ઝાલા**

## –::: ચુકાદો :::–

૧. **ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૨૩ના રોજ કલાક ૧૨/૦૦ ના સમયગાળા દરમ્યાન મોજે હિમતનગર બાયપાસ કેનાલના રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની અશોક લેલેન્ડ ટ્રક રજી.નં. આર.જે. ૨૭ જીડી.૦૦૮૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીપુર્વક હંકારી લાવી ફરીયાદીની એકટીવા રજી.નં. જીજે ૦૯ ડીકે. ૮૦૮૨ ની સાથે પાછળથી ટકકર મારી એકટીવાને નુકસાન કરી ટ્રક લઈ નાશી જઈ ગુન્હો કરેલ, ફરિયાદીએ તે અંગે ફરિયાદ કરતા હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોધાયેલ છે.

૨. સદર ફરિયાદ સંદર્ભે ગુન્હો નોંધાતાં આ કામના તપાસ કરનારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ જરૂરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ફરિયાદવાળા ગુન્હાના કામે પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે.

3. ત્યારબાદ સદર કામે અત્રેની અદાલત દ્વારા આરોપી વિરુધ્ધ સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ પુરી પાડવામા આવેલ છે. ત્યારબાદ સદર કામે આરોપીનું **આંક–૦૩ મુજબનાં નિવેદન** રેકર્ડ કરવામા આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતાં આ કામ

ફરિયાદપક્ષનાં પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ હતુ.

**૪.** ફરિયાદપક્ષે આરોપી વિરુધ્ધનો આક્ષેપીત તહોમત મુજબનો કેસ પુરવાર કરવા નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## –:: મૌખિક પુરાવાઓ ::–

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | ફરીયાદી–રણવીરસિહ ઈન્દસિંહ ચૌહાણની જુબાની | ફરીયાદી | ૦૫ |
| ૨. | પંચ સાહેદ–કવલજીતસિંહ દલજીતસિંહ જાગોત્રાની જુબાની | પંચ સાહેદ | ૦૭ |
| ૩. | સાહેદ–ગજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણની જુબાની | સાહેદ | ૧૩ |
| ૪. | સાહેદ–હબીબખાન શફીખાન મેવાતીની જુબાની | સાહેદ | ૧૪ |
| ૫. | સાહેદ–કલ્પેશસિંહ વિક્રમસિંહ પરમારની જુબાની | સાહેદ | ૧૬ |
| ૬. | તપાસ કરનાર અમલદાર–કૌશીકભાઈ કાંતિભાઈ પાંડવની જુબાની | ત.ક.અ | ૨૦ |

## –:: દસ્તાવેજી પુરાવાઓ ::–

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૬ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૦૮ |
| ૩ | સુચીપત્ર | ૨૧ |

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નહીં હોવાનું અને ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

ક્રિ.પ્રો. કોડની કલમ :- ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધેલ.જેમા તેઓને બચાવના સાક્ષી તપાસવા નથી કે સોંગદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેવુ જણાવેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે. અમોએ આવા પ્રકારનો કોઈ ગુન્હો કરેલ નથી અને આરોપી વિરૂધ્ધ ખોટા આક્ષેપ કરી ખોટો ગુન્હો દાખલ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.ત્યારબાદ બંન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. હાલનાં કામની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓ વંચાણે લેતા તેમજ ઉભયપક્ષની દલીલો ઘ્યાને રાખતા હાલના કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## ::: મુદ્દા :::

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવુ સાબીત કરી શકેલ છે કે,આ કામના આરોપીએ તા.૨૪/૦૫/૨૦૨૩ના રોજ કલાક ૧૨/૦૦ ના સમયગાળા દરમ્યાન મોજે હિમતનગર બાયપાસ કેનાલના રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની અશોક લેલેન્ડ ટ્રક રજી.નં. આર.જે. ૨૭ જીડી.૦૦૮૧ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીપુર્વક હંકારી લાવી ફરીયાદીની એકટીવા રજી.નં. જીજે ૦૯ ડીકે. ૮૦૮૨ ની સાથે પાછળથી ટકકર મારી એકટીવાને નુકસાન કરી ટ્રક લઈ નાશી જઈ ગુન્હો કરી, **ભારતીય**

**ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>::: કા ર ણો :::</u>**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા</u>** :–

૭. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય, ફરીયાદપક્ષ તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહીત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે રજુ દલીલો ધ્યાન લેતાં ફરીયાદપક્ષ તર્ફે તેઓના કેસના સમર્થનમાં,

૭.૧ સદર કામે **આંક–૦૫ થી ફરીયાદી રણવીરસિહ ઈન્દ્રસિંહ ચૌહાણ** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ બે મહીના પહેલા બનેલ. બનાવના દિવસે સવારના દસેક વાગ્યાની આસપાસ તેઓ તેમના મીત્ર નરેન્દ્રસિંહ દીલીપસિંહના ઝાલાનું એકટીવા નં. જીજે ૦૯ ડીકે ૮૦૮૨ નું લઈ બાયપાસ રોડ ઉપર જીલ્લા પંચાયત ઓફીસની બાજુમાં અવંતી ઓફીસે ગયેલ અને ત્યાં થી બપોરના સાડા અગીયારની આસપાસ પરત ઘરે આવવા ઉપરોકત એકટીવા લઈને નીકળેલ અને લગભગ બાર વાગ્યાની આસપાસ બાયપાસ

રોડ કેનાલ ઉપર એકટીવા રોડની સાઈડમાં ઉભુ રાખી તેઓ તથા તેમના મીત્ર ગજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ તથા પરમાર કલ્પેશસિંહ વાતચીત કરતા હતા. તે સમયે પાછળથી એક ટ્રક ચાલકે તેઓની એકટીવાને પાછળથી ટકકર મારી ઘસડીને આગળ લઈ ગયેલ. સદર ટ્રકવાળો હિમતનગર બાજુ સ્પીડમાં આવેલ. આ અકસ્માત થતા તેઓએ જોયેલ તો તેઓની એકટીવાને નુકસાન થયેલુ. ટ્રકનો નંબર તેઓએ જોયેલ. જેનો નંબર આર.જે. ૨૭ જીકયુ ૦૦૮૧ નો હતો. તેઓએ સદર ટ્રકના ડ્રાઈવરને પણ જોયેલ. સદર ટ્રક ચાલકે તેની ટ્રક સાઈડમાં કરે છે તેમ કહી ટ્રક લઈ ભાગી ગયેલ. ત્યારબાદ તેઓએ બનાવ બાબતે પો.સ્ટે. ફરીયાદ આપેલી. જે આંક–૬થી પુરાવામાં રજુ છે. તેઓની એકટીવાને રૂા.૧૮,૦૦૦/– ની આસપાસ નુકસાન થયેલ.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં ફરિયાદી તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ મોતીપુરા હાઈવે રોડ ઉપર બનેલ. સદર રોડ ઉપર ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. તેઓએ જગ્યાએ એકટીવા ઉભુ રાખેલ તે પાર્કીંગની જગ્યા ન હતી. સદર રોડ ઉપર રોડનું કામકાજ ચાલુ હતુ. બનાવવાળી જગ્યાએથી ૨૫ ફુટ દુર કામકાજ ચાલતુ હતુ.

૭.૨ સદર કામે **આંક–૦૭ થી પંચ સાહેદ–કવલજીતસિંહ દલજીતસિંહ જાગોત્રા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૪/૭/૨૦૨૩ ના રોજ પોલીસે મોતીપુરા કેનાલ પાસે પંચ તરીકે બોલાવેલા. સદર જગ્યાએ એક કાળા કલરનું એકટીવા પડેલ હતુ. તે એકટીવાને પાછળથી એક મોટી ટ્રકે અથડાયેલ હતુ અને તેને પાછળથી નુકસાન થયેલ હતુ. એકટીવા એકદમ નવુ હતુ તેના

નંબરની તેઓને ખબર નથી. આ સીવાય બીજુ કાઈ તેઓએ જોયેલ નહિ. સદર જગ્યાનું પંચનામુ કરી પંચનામામાં સહી લીધેલી. તેઓએ સહી કરી ત્યારે તેઓ એકલા હતા. તેઓને પંચનામાની સહી સીકકાવાળી નકલ બતાવવામાં આવે છે. તેમા પંચ નં. ૧ ઉપર તેઓની સહી છે. જે અંાક–૮ થી પુરાવામાં રજુ છે.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં પંચ સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને મોતીપુરા કોઈ બોલાવવા આવેલ નહિ પરંતુ તેઓ ત્યાં જ હતા. તેઓ સવારના નવેક વાગે સહી કરેલી. તૈયાર લખેલા કાગળમાં પોલીસે તેઓની સહી લીધેલી.

૭.૩ સદર કામે **અંાક–૧૩ થી સાહેદ ગજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આ કામના ફરીયાદી રણવીરસિંહ ઈન્દ્રસિંહ ચૌહાણને ઓળખે છે. તેઓ તેમના મીત્ર થાય છે. બનાવ આજથી આશરે દોઢ બે મહીના પહેલા બનેલ. બનાવના દિવસે બપોરના આશરે સાડા અગ્યારેક વાગ્યે તેઓ તથા રણવીરસિંહ તથા કલ્પેશસિંહ બાયપાસ રોડ ઉપર સાઈડમાં ઉભા રહી વાતો કરતા હતા. તે સમયે રણવીરસિંહ પોતાનું એકટીવા કાળા કલરનું લઈને આવેલ હતા અને તેઓએ તે એકટીવા રોડની સાઈડમાં પાર્ક કરેલ હતુ.એકટીવાના નંબરની તેઓને ખબર નથી. ત્યારે ટોલટેક્ષ બાજુથી એક ટ્રક આવેલ અને રણવીરસિંહની એકટીવાને પાછળથી ટકકર મારી ઘસડીને આગળ લઈ ગયેલ. સદર ટ્રકે ચાલકે રોડની નીચે ઉતારીને એકટીવાને ટકકર મારેલ. તેઓએ ટ્રકના નંબરને જોયેલ નહિ. તેમજ ટ્રકના ડ્રાઈવરને પણ

જોયેલ નથી. ત્યારબાદ ટ્રક ચાલક ટ્રક લઈ નીકળી ગયેલ. આ બનાવ બાબતે રણવીરસિંહે ફરીયાદ આપેલી અને પોલીસે તેઓનો જવાબ લીધેલ.

આમ, સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન નહિ કરતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર ફરિયાદી સાહેદને ફરી ગયેલા જાહેર કરી, ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા ફરીયાદપક્ષ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, ટ્રક ચાલક પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રણવીરસિંહની એકટીવાને ટકકર મારેલ.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાયપાસ રોડ એ હાઈવે રોડ છે અને ત્યાં ઘણા બધા વાહનોની અવર જવર રહે છે.એકટીવા જે જગ્યાએ ઉભુ રાખેલ તે જગ્યા પાર્કીંગની જગ્યા ન હતી. રોડની સાઈડમાં એકટીવા ઉભુ રાખેલ હતુ. તેઓએ ટ્રક ચાલકને જોયેલ નહિ.

**૭.૪** સદર કામે **આંક–૧૪ થી સાહેદ હબીબખાન શફીખાન મેવાતી** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓની પાસે મોટી ટ્રક અશોક લેલેન્ડ કંપનીની છે જેનો નંબર આર.જે.૨૭ જી.ડી. ૦૦૮૧ ના છે. તેઓની ટ્રકના ડ્રાઈવર અશરફ મોહમદખાન મેવ છે.જેને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આજથી આશરે બે અઢી મહીના પહેલા હિમતનગર પોલીસનો તેઓની ઉપર ફોન આવેલ અને કહેલ કે, તમારી ટ્રકથી અકસ્માત થયેલ છે તમારે આવવુ પડશે. આ અકસ્માત એક સ્કુટીને કરેલ તેવી જાણ થયેલી. આ અકસ્માત થયેલ ત્યારે તેઓની ટ્રકનો ડ્રાઈવર અશરફ મોહંમદખાન હતો. પોલીસે તેઓની પુછપરછ કરેલી.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસનો તેઓના ઉપર ફોન આવવાથી તેઓને અકસ્માત અંગેની જાણ થયેલી. આરોપી તેઓના ડ્રાઈવર થતા હોવાથી તેઓને ઓળખે છે. પોલીસે તેઓનુ નામ,સરનામુ પુછેલ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી.

**૭.૫** સદર કામે **આંક–૧૬ થી સાહેદ કલ્પેશસિંહ વિક્રમસિંહ પરમાર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી રણવીરસિંહ ઈન્દ્રસિંહ ચૌહાણ તેઓના મીત્ર થાય છે. બનાવ દોઢ બે મહીના પહેલા બનેલ. બનાવના દિવસે બપોરના બારેક વાગે તઓ તથા ચૌહાણ ગજેન્દ્રસિંહ અને રણવીરસિંહ મોતીપુરા કેનાલની બાજુમાં રોડની સાઈડમાં રણવીરસિંહની એકટીવા પાર્ક કરી વાતો કરતા હતા. તેઓની એકટીવાનો નં. ૮૦૮૨ નો હતો. ત્યારે વિજાપુર બાજુથી એક ટ્રક સીધો આવેલો અને રણવીરસિંહની એકટીવાને અથડાવી થોડે આગળ લઈ ગયેલ. તેઓએ સદર ટ્રકનો નંબર જોયેલ તેમજ ટ્રકના ડ્રાઈવરને પણ જોયેલ નહિ. રણવીરસિંહની એકટીવાને આગળ પાછળ નુકસાન થયેલુ. આ બનાવ બાબતે રણવીરસિંહે પોલીસને ફરીયાદ આપેલી અને પોલીસે તેઓને જવાબ લીધેલો.ટ્રંક કઈ કંપનીની હતી તે પણ તેઓને ખબર નથી.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આ બનાવ મોતીપુરા હાઈવે રોડ ઉપર બનેલ. સદર રોડ ઉપર ઘણા બધા વાહનોની સતત અવરજવર રહે છે. જે જગ્યાએ એકટીવા ઉભુ રાખેલ તે પાર્કીગની જગ્યા ન

હતી.સદર જગ્યાએ ઘણા બધા ટ્રકોની અવરજવર રહેતી હોય છે અને સદર રોડ ઉપર સતત ટ્રાફીક હોય છે. પોલીસે ફકત તેઓનું નામ સરનામુ પુછેલ તે સીવાય બીજું કઈ પુછેલ નહિ.

**૭.૬** સદર કામે **આંક–૨૦ થી તપાસ કરનાર અમલદાર કૌશીકભાઈ કાંતિભાઈ પાંડવ** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૪/૭/૨૦૨૩ ના રોજ રણવીરસિંહ ઈન્દ્રસિંહ ચોહાણ રૂબરૂ પોતાની ફરીયાદ આપેલ. જે તેઓએ તેમના લખાવ્યા મુજબ લખી લઈ ગુ.ર.નં. ૩૦૫૩૦/૨૦૨૩, ઈ.પી.કો.કલમ–૨૭૯, ૪૨૭ અને એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળેલી. તેઓને સુચીપત્રની નકલ બતાવવામાં આવે છે. જે ઓળખી બતાવે છે. જે સુચીપત્ર આંક–૨૧ થી પુરાવામાં રજુ છે. તેઓએ આ કામે આંક–૮ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેઓની રૂબરૂ કરેલુ જેમા પંચો તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો જણાતા તેમને હાજર કરાવી યોગ્ય કાર્યવાહી કરેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય સદરહુ ગુનાનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં મોકલી આપેલ.

તેમજ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોતાં સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મોતીપુરા થી ઈડર રોડએ હાઈવે રોડ છે. રોડ ઉપર ભારે વાહનોની સતત અવર જવર રહે છે. એકટીવાના નુકસાનનું કોઈ ઓટોમોબાઈલનુ બીલ આ કામે રજુ કરેલ

નથી.

૮. આ તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ ધ્યાને લેવી આવશ્યક જણાય છે. ઈ.પી.કો. કલમ–૨૭૯ ''ગફલતભરી'' અને ''બેદરકારીભરી'' ડ્રાઈવીંગ વિશે જણાવવામાં આવે છે અથવા જાહેર સ્થળોએ એવી રીતે બેદરકાભરી અને ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરવી કે જેનાથી માનવ જિંદગી જોખમાય કે લોકોને નુકસાન કે ઈજા થવાની શકયતા હોય. કલમ–૨૭૯ હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત સાબિત કરવી જ પડે કે, આરોપી જાહેર સ્થળે '' ગફલતભરી રીતે'' અને '' બેદરકારીભરી રીતે'' ડ્રાઈવીંગ કરતો હતો કે જેનાથી લોકોની જિંદગી જોખમાય કે કોઈ વ્યકિતને ઈજા કે હાનિ થવાની શકયતા હોય. કલમ–૨૭૯ માટે '' ગફલતભર્યુ'' અને બેદરકારીભર્યુ'' એ ગુન્હાહિત ગફલતભરી કે બેદરકારી ભરી હોવું જોઈએ જે 'કેયરલેશનેશ' અને 'એરર' થી વઘુ છે. કલમ–૨૭૯ ના તત્વો નીચે મુજબ છે:

***<u>કલમ–૨૭૯</u>***

***સરિયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.***

*જે કોઈ વ્યકિત, માણસોની જિંદગી જોખમમાં મૂકાય, અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.*

**કલમ–૨૭૯ ના તત્વો :**

(૧) આરોપી વાહન હાંકતો હતો અથવા તેના પર સવાર હતો.

(૨) તે જાહેર માર્ગ પર હાંકતો હતો અથવા સવાર હતો.

(૩) તે ગફલતભરી અથવા બેદરકાર રીતે હાં કતો અથવા સવારી કરતો હતો.

(૪) એવી સવારી અથવા હાંકવાનું માનવજીવન માટે ભયજનક હતું અથવા તેનાથી વાગવાનો અથવા ઈજા થવાનો સંભવ હતો.

આમ કાયદાની જોગવાઈ તથા તેમાંના આવશ્યક તત્વો ધ્યાને લેતા તે પૈકીનુ એક મહત્વનું તત્વ તેવુ ગફલતભરી અથવા બેદરકારી રીતે હાંકતો અથવા સવાર કરતો હતો તે છે અને આ તત્વ પણ આવશ્યક તત્વ છે અને તે પણ પુરવાર થવું જરુરી છે.

૯. વધુમાં, મોટર એકસીડેન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌ પ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર પૂરઝડપે ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં **નામદાર ઓરીસ્સા વડી અદાલતે બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ ૧૯૯૪ ક્રિ.લો.જ પેજ નંબર ૩૮૯માં એમ ઠરાવેલ છે કે,**

(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and

negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal. વધુમા તે ચૂકાદના પેરા ૫ માં એમ ઠરાવેલ છેકે, Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or

likely to cause hurt or injury to any person.

**(૧૦)** હાલના કામે આ કામના આરોપી વિરૂધ્ધ **ઈ.પી.કો.કલમ–૨૭૯, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)** મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. જેથી ફરીયાદપક્ષ ઉપર ગુનો સાબીત કરવાનો બોજો રહેલ છે. ફરીયાદપક્ષે શંકાથી પર સાબીત કરવાનું રહે છે કે, આ કામના આરોપીએ જાહેર માર્ગ ઉપર ટ્રક ઝડપથી અને બેદરકારીપુર્વક ચલાવી અકસ્માત સર્જેલ છે અને તેનાથી ફરીયાદીની મીલકતને નુકસાન થયેલ છે.

**(૧૧)** સદર કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે **આંક–૫ થી ફરીયાદી રણવીરસિહ ઈન્દસિંહ ચૌહાણ**નાઓને તપાસવામાં આવેલ છે જેમા તેઓએ ટ્રકના નંબરને તેમજ ટ્રકના ડ્રાઈવરને જોયેલાનું જણાવે છે તેમજ આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ છે પરંતુ ફરીયાદપક્ષના અન્ય સાક્ષીઓ જેવા કે, **આંક–૧૩ ના સાહેદ ગજેન્દસિંહ મહેન્દસિંહ ચૌહાણ તથા આંક–૧૬ નાં સાહેદ કલ્પેશસિંહ વિક્રમસિંહ પરમાર** કે જેઓ પ્રત્યક્ષદર્શી સાહેદ છે અને તેઓ ટ્રકના નંબર જણાવવામાં નિષ્ફળ ગયેલા છે તથા તેઓએ ટ્રકનાં ચાલકને જોયેલ નહિ તેવુ જણાવેલ છે જેથી ફરીયાદીની જુબાનીને પુરતુ સ્વતંત્ર સમર્થન મળતુ નથી.

**(૧૧.૧)** ઉપરોકત ફરીયાદી તથા બન્ને પ્રત્યક્ષદર્શી સાહેદોએ તેઓની ઉલટતપાસમાં એ હકિકત સ્વીકારેલ છે કે, જે જગ્યાએ એકટીવા ઉભુ રાખેલ તે જગ્યા પાર્કીંગની જગ્યા ન હતી. જેથી ઉપરોકત હકિકત અકસ્માતની પરિસ્થિતીના મુલ્યાંકનમાં મહત્વપુર્ણ છે અને ફરીયાદીથી પણ બેદરકારીની સંભાવના ઉભી કરેલ છે.

વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે **આંક–૧૪ થી સાહેદ–હબીબખાન શફીખાન મેવાતી**નાઓને તપાસેલા છે કે જેઓ સદરહુ ટ્રકના માલીક હોવાનું જણાઈ આવે છે અને સદરહુ સાહેદની જુબાની ઉપરથી અકસ્માતના દિવસે હાલના આરોપી ટ્રકના ડ્રાઈવર હતા તેવુ જણાઈ આવે છે. પરંતુ સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસનો તેમના ઉપર ફોન આવવાથી તેઓને અકસ્માતની જાણ થયેલી. તેથી તેઓની જુબાની માત્ર એટલુ સ્થાપિત કરે છે કે, આરોપી તે દિવસે ડ્રાઈવર હતા અને તે આરોપીએ ટ્રક બેદરકારીપુર્વક ચલાવ્યો હતો તે બાબતનો પુરાવો આપેલ નથી.

વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે કોઈ જ મીકેનીકલ ઈન્સ્પેકશન રીપોર્ટ રજુ કરેલ નથી. પરીણામે અકસ્માતના વાસ્તવીક કારણ, બ્રેકની કામગીરી અથવા અન્ય તકનીકી પાસાઓ અંગે કોર્ટ સમક્ષ કોઈ નિષ્પક્ષ વૈજ્ઞાનિક પુરાવો ઉપલબ્ધ થયેલ નથી. આ કામે પંચ સાક્ષી તથા તપાસ અધિકારીની જુબાની તપાસની કાર્યવાહી પુરતી મર્યાદીત છે. તેઓ અકસ્માતના પ્રત્યક્ષદર્શી સાક્ષી નથી તેમજ તેમની જુબાની પરથી આરોપીની રેસનેસ અથવા નેગ્લીજન્સ સાબીત થતી નથી. સ્થાપિત કાનુની સિધ્ધાત એવો છે કે, માત્ર અકસ્માત બન્યો

હોવાના આધારે ઈ.પી.કો.કલમ–૨૭૯ હેઠળ આરોપીને દોષીત ઠરાવી શકાય નહિ. ફરીયાદપક્ષે વિશ્વસનીય નિસંદેહ પુરાવાથી સાબીત કરવુ પડે કે, આરોપીએ વાહન એવી રીતે ચલાવ્યુ હતુ કે જે ઉતાવળ ભર્યુ અથવા બેદરકારીપુર્ણ હતુ. હાલના કેસમાં ફરીયાદપક્ષ તે ધોરણ સુધી પહોચવામાં નિષ્ફળ ગયેલુ છે. સ્વતંત્ર પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ ધ્વારા આરોપીની ઓળખનો અભાવ, ટ્રકના રજીસ્ટ્રેશનનો અભાવ, ફરીયાદીની પોતાની સ્વીકૃતી કે, તેઓએ જે જગ્યાએ એકટીવા ઉભુ રાખેલ તે પાર્કીગની જગ્યા ન હતી તથા મીકેનીકલ રીપોર્ટના અભાવે ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકા ઉભી થાય છે. ફોજદારી કાયદાનો મુળભુત સિધ્ધાંત છે કે, જો આરોપીની દોષીતતા અંગે વ્યાજબી શંકા રહેતી હોય તો તેનો લાભ આરોપીને આપવાનો રહે છે. તેથી ફરીયાદપક્ષે આરોપી સામેના આરોપો શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ કોર્ટનું માનવુ છે.

(૧૨) વધુમાં, મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ મુજબનો આરોપી સામે આક્ષેપ છે, જે અંગે મોટર વ્હીકલ એકટની કલમ–૨૦૯ ધ્યાને લેવામાં આવે તો, જયાં સુધી કલમ–૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનું પાલન કરવામાં ન આવે ત્યાં સુધી કલમ–૧૮૪ મુજબના પગલા લઈ શકાય નહીં. હાલના કેસમાં ફરિયાદ પક્ષે એમ.વી.એકટની કલમ–૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનુ પાલન કરવામાં આવે હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી કલમ–૧૮૪ મુજબના કોઈ પગલા લઈ શકાય નહીં.

(૧૩). વધુમાં, આ કામે તપાસેલ ફરિયાદી તથા સાહેદો તેમની ઉલટતપાસમાં બનાવવાળી જગ્યા જાહેર રોડ હોવાનું તથા ત્યાં સતત

વાહનોની અવર–જવરવાળો રસ્તો હોવાનું જણાવે છે અને આજ હકીકતને **અંક–૨૦ ના ત.ક.અ.શ્રી કૌશીકભાઈ કાંતિભાઈ પાંડવ** એ તેમની ઉલટતપાસમાં સમર્થન આપેલ છે, આમ હાલના કામનો બનાવ જાહેર રોડ ઉપર બનેલ હોય અને વાહનોની સતત અવર–જવર હોય અને બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં હાલના કામે ફરિયાદ પક્ષે કોઈ જ સ્વતંત્ર સાહેદના નિવેદનો લીધેલ નથી.

આમ, સદર હકીકતો ઘ્યાને લેતાં પણ ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપી દ્વારા પુરઝડપે અને ગફલત ભરી રીતે વાહન ચલાવાવના કારણે કહેવાતો બનાવ બનેલ હોવાનું પુરવાર થતું નથી. જેથી મુદ્દા નં.૧, નો જવાબ ''નકાર''માં આપી, મુદ્દા નં.ર માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: આ ખ રી હુ ક મ :::

૧. આ કામના આરોપી **અશરફ મોહમદખાન મેવ, ઉ.વ.૩૨, રહે. ગીલુન્ડ રેગર મહોલ્લો, તા.રેલમગરા, જી.રાજસન્દ, રાજસ્થાન**નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ– ૨૭૯,૪૨૭ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે

૨. સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન

અપીલ સમય સુધીનાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૦**મી માહે**– જુલાઈ,** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૧૦–૦૭–૨૦૨૬**
**સ્થળ – હિંમતનગર**

**(અમીત બીપીનચંદ્ર મામતોરા)**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**હિંમતનગર**
**JUDGE CODE GJ01059**

//PARUL//